**ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી એચ. એ. ભુતવાલા અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૭૧/૨૦૧૮.**

**: આંક–૨૦ ની દસ્તાવેજો માંગતી અરજી લગત હુકમ :**

**૧.** આ કામે બીજા પક્ષકારે સબંધિત કામદારોના રોજીંદા રેકર્ડ શીટ તથા સર્વિસ બુકની નકલ, મેનહોલ ખાતામાં રહેમરાહે તથા અનફિટ કામદારના વારસને આપવામાં આવતા નોકરીના લાભો, સબંધિત દસ્તાવેજો સી–લીસ્ટ, કેવા પ્રકારની કામગીરીને રહેમરાહે વારસદારની નોકરીમાં સમાવેશ કરવામાં આવેલ છે, તેના સંસ્થાએ કરેલ સરકયુલરો, મેનહોલ ખાતામાં કઈ તારીખથી રહેમરાહે વારસદારની નોકરી આપવાની પ્રથા સક્ષમ સત્તાની મંજૂરી/ ઠરાવ/સરકયુલરથી ચાલુ કરવામાં આવેલ છે. તેના સબંધિત દસ્તાવેજો સામાવાળા સંસ્થા રજૂ કરે તે માટે આ અરજી કરેલ છે.

**૨.** સામાવાળાએ સદર અરજીનો આંક–૨૧ થી વિગતવાર જવાબ રજૂ કરેલ છે. જવાબમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર આર.ટી.આઈ. એકટ અન્વયે આ દસ્તાવેજો મેળવી શકે છે. જેથી વૈકલ્પિક દાદ ઉપલબ્ધ હોય કોર્ટમાં આ પ્રકારની અરજી કરી શકે નહિ. મહાનગર પાલિકાએ કયા દસ્તાવેજો કેટલો સમય રાખવા તે અંગેના નીતિ નિયમો છે. માંગેલ દસ્તાવેજો કેમ જરૂરી છે તેની કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી કે વ્યાજબી કારણ જણાવેલ નથી. માંગેલ દસ્તાવેજો આ કેસમાં કોઈપણ પ્રકારનો નિસ્બત ધરાવતા નથી. જેથી આ અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

**૩.** બીજા પક્ષકાર તરફે પ્રતિનિધીશ્રીએ તેમની અરજી મુજબની દલીલ કરેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૨૨ થી રજૂ લેખિત દલીલ તથા તે સાથેના દસ્તાવેજો વંચાણે લીધા. સંસ્થા તરફે વિ.વ.શ્રીએ તેમના જવાબ મુજબની રજૂઆત કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારે વર્ષો જૂના દસ્તાવેજોની માંગણી સંસ્થાને હેરાન પરેશાન કરવાના એકમાત્ર ઉદ્દેશથી કરેલ હોય આ અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

**૪.** ઉભય પક્ષકારોની રજૂઆત અને રેકર્ડ ધ્યાને લીધું. સંસ્થાએ આંક–૧૭ ના લીસ્ટથી રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. રેફરન્સની અનુસૂચિમાં જણાવેલ સબંધિત

૮ કામદારોના સબંધમાં કરવામાં આવેલ જુદી જુદી પાંચ માંગણીઓ વંચાણે લીધી. રેફરન્સની અનુસૂચિની માંગણીઓ ધ્યાને લેતાં સબંધિત કામદારોનો સર્વિસ રેકર્ડ મહત્વનો દસ્તાવેજ છે. સી–લીસ્ટ શેના માટે આ કામે જરૂરી છે તેની કોઈ સ્પષ્ટતા બીજા પક્ષકારે આંક–૨૦ ની અરજીમાં કરેલ નથી. બીજા પક્ષકારે રહેમરાહે નોકરી માટે કયા પ્રકારની કામગીરીનો સમાવેશ કરેલ છે તેના સરકયુલરની માંગણી કરેલ છે. પરંતુ તેનો કોઈ નંબર કે તારીખ આંક–૨૦ ની અરજીમાં જણાવેલ નથી. કઈ તારીખથી અને કયા મંજૂરી ઠરાવ સરકયુલરથી સંસ્થામાં કામ કરતા કાયમી કર્મચારીઓના વારસદારને રહેમરાહે નોકરી આપવામાં આવે છે તે આ કેસની માંગણી નં.૧ નો ન્યાય નિર્ણય કરવા માટે જરૂરી છે. તેમજ માંગણાનાં નિવેદનના પેરા–૨ ની હકીકત ધ્યાને લેતાં પણ સદર સરકયુલર ન્યાય નિર્ણય માટે જરૂરી હોવાનું જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** બીજા પક્ષકારની **આંક–૨૦** ની અરજી "**અંશતઃ મંજૂર**" કરવામાં આવે છે. સામાવાળા સંસ્થાને સબંધિત કામદારોના સર્વિસ રેકર્ડની નકલ તથા મેનહોલ ખાતામાં કઈ તારીખથી રહેમરાહે વારસદારને નોકરી આપવાની પ્રથા સક્ષમ સત્તાની મંજૂરી/ઠરાવ/ સરકયુલરથી ચાલુ કરવામાં આવેલ છે તે સરકયુલર આવતી મુદ્દત તારીખ સુધીમાં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૨)** દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય તો તે અંગેનું જવાબદાર અધિકારીનું સોગંદનામું આવતી મુદ્દતે રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સભંળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૯/૦૮/૨૦૨૫.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪.
અમદાવાદ.
**CODE–GJ00883**

H.M.PRAJAPATI P.A.